

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ નવેમ્બર, શનિવાર...** સવારે વલ્લભવિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના ૧૦૮મા પ્રાગટ્યદિન નિમિત્તે યોજાયેલ 'શાશ્વત સંકલ્પ પર્વ' સભામાં પધારી સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨ નવેમ્બર, રવિવાર...** સવારે વલ્લભવિદ્યાનગર ગુણાતીત જ્યોતનાં મહંત પરમ પૂજ્ય હંસાદીદીના ૯૧મા પ્રાગટ્યદિન 'પ્રેરણા પીયૂષ પર્વ'માં પધારી આશીર્વાદ આપ્યા. બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના નિવાસસ્થાન-'પ્રભુકૃપા'માં પધારી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. પ્રબોધિની એકાદશીના મંગલપર્વે સાંજે 'અક્ષરમહોલ'માં પધારી શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવેલ કલાત્મક સુશોભિત શાકોત્સવનાં દર્શન કર્યાં. સભામાં સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી શયન આરતીનો લાભ લીધો.

**૩ નવેમ્બર, સોમવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સભામાં ભક્તોને આશીર્વાદ આપ્યા. દિલ્હી પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીના સ્વાસ્થ્યલાભ માટે મળવા-દર્શન કરવા પધારતા હોવાથી સૌની ભાવભરી વિદાય લઈ વડોદરા ઍરપોર્ટ પધાર્યા. સ્થાનિક ભક્તોએ ભાવથી સત્કારી પુષ્પહાર અર્પણ કર્યા, તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા. વડોદરા ઍરપોર્ટના ડાયરેક્ટરશ્રી દાઉદ સૈઈદીને મુલાકાત, આશીર્વાદ પાઠવી ફ્લાઇટમાં દિલ્હી પ્રતિ પ્રયાણ કર્યું. દિલ્હી ઍરપોર્ટ ઉપર શ્રી પૃથ્વીભાઈ, પૂ. સુહૃદ સ્વામી, પૂ. વત્સલ સ્વામી અને ભક્તોએ સ્વાગત કર્યાં. મંદિરે પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી અને સંતો, પ.પૂ. આનંદીદીદી અને બહેનો તથા ભક્તોએ ભાવથી સત્કાર્યા. પ.પૂ. ગુરુજી સાથે સ્વાસ્થ્યલાભ માટે ગોષ્ઠિ કરી. ત્યારબાદ સૌ સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૪ નવેમ્બર, મંગળવાર...** દિલ્હી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. સાંજે સભામાં શ્રી પૃથ્વીભાઈ સાથે બોલિવૂડ ફિલ્મ ઍક્ટર રાહુલસિંહ અને આત્મદયાળજી સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. સભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૫ નવેમ્બર, બુધવાર...** દિલ્હી મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી, પ.પૂ. ગુરજી અને સૌ સંતો, સંત બહેનો અને સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈને દિલ્હી ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું. ઍરપૉર્ટ પર ઉપસ્થિત ભક્તોને દર્શન-આશીર્વાદ આપી ફ્લાઇટમાં અમદાવાદ પ્રતિ પ્રયાણ કર્યું. અમદાવાદ ઍરપૉર્ટ ઉપર સાધુ પૂ. ગૌતમદાસજી અને ભક્તોએ સ્વાગત કર્યાં. 'ઉપાસના ધામ' પરિસરમાં યુવતીઓએ સ્વાગતનૃત્યના ભાવ રજૂ કર્યા તથા સૌ સંતો-ભક્તોએ ભાવથી સત્કાર્યા. મંદિરજીમાં અન્નકૂટોત્સવ અને શાકોત્સવનાં દર્શન કરી સભામાં પધારેલા સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. સભામાં યુ.કે. મંદિરના ભક્તરાજ પ્રદીપભાઈ ધામેચાને સત્કારી આશીર્વાદ આપ્યા. અન્નકૂટોત્સવ તેમજ શાકોત્સવમાં જેઓએ સેવા અર્પણ કરી તેઓ સૌને પ્રસાદ આપી આશીર્વાદ આપ્યા. સૌ ભક્તોની વિદાય લઈ મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા.

**૬ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધાર્યા. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીના સ્વાસ્થ્યના સમાચાર સૌને જણાવ્યા. મુંબઈ અન્નકૂટોત્સવ સંપન્ન કરી સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા અને સંતો પધાર્યા, તેઓ સૌનાં સ્વાગત કર્યાં.

**૭ નવેમ્બર, શુક્રવાર...** 'અક્ષરમહોલ'માં અ.નિ. કાન્તિભાઈ ખંભાઈતાની ત્રયોદશીની મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરજીમાં રાજભોગ આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા પધારેલા સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કર્યાં.

**૮ નવેમ્બર, શનિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૯ નવેમ્બર, રવિવાર...** શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. નિજ મંદિરજીમાં આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૦-૧૧ નવેમ્બર, સોમવાર-મંગળવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત સૌ સેવકોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ નવેમ્બર, બુધવાર...** સાંજે 'તીરથ'માં યોજેલ સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. સભાને અંતે યુ.કે. નિવાસી વિજયભાઈ ઠક્કરના દીકરા અ.નિ. પૂ. રોનકની સ્મૃતિમાં તેઓએ તૈયાર કરાવેલ જેકેટ સૌ સંત ભાઈઓને અર્પણ કર્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૩ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ નવેમ્બર, શુક્રવાર...** પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીનાં દર્શન અને સ્વાસ્થ્યલાભ માટે દિલ્હી પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૫ નવેમ્બર, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ નવેમ્બર, રવિવાર...** શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના ભક્તિ મહાયાગમાં પધારી યજમાન ભક્તો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. બ્રહ્મજ્યોતિ નિવાસી ચિમનભાઈ-રમીલાબહેનની પૌત્રીનાં લગ્ન નિમિત્તે દર્શનાર્થે પધારેલ દીકરી જૈમિનીબહેન અને પરિવારજનોને આશીર્વાદ આપ્યા. દિલ્હીથી પરત પધારતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સ્વાગત કર્યાં. નિજ મંદિરમાં આરતી દર્શન-ધૂન-પ્રાર્થના કરી, 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ નવેમ્બર, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. નૂતનવર્ષ નિમિત્તે મોગરીમાં કીકુભાઈ-નીરુબહેન, ડાહ્યાકાકા-નીરુબહેન, મહેશભાઈ-નિકીતાબહેન, કૃણાલભાઈ-ઊર્જાબહેન, ભદ્રેશભાઈ-જ્યોતિબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. વલ્લભવિદ્યાનગરમાં સંજયભાઈ-જૈમિની (મુન્ની)બહેનના ઘરે પધરામણી કરી સંજયભાઈ અને લીલાબાના સ્વાસ્થ્યલાભ માટે ધૂન-પ્રાર્થના કરી. રાજુભાઈ-આશાબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ નવેમ્બર, મંગળવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. આણંદ-વલ્લભવિદ્યાનગરમાં હિતેશભાઈ-ભારતીબહેન, ભીખુભાઈ-જાગૃતિબહેન, અંકિતભાઈ-સ્નેહાબહેન, મહેન્દ્રભાઈ-ગીતાબહેન, અંબુભાઈ-ઊર્મિલાબહેન, રજનીભાઈ-પરેશાબહેન આદિ ભક્તોનાં ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા.

**૧૯ નવેમ્બર, બુધવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. નૂતનવર્ષ નિમિત્તે સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી અને સંતોએ દર્શનાર્થે પધારી રાજભોગ આરતી અર્પણ કરી. સભામાં આશીર્વાદ પાઠવ્યા. સાંજે શાંતિમામાના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધરામણી કરી, ઘરમંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ નવેમ્બર, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. પેરિસથી પધારેલાં બકુલભાઈ-રીનાબહેન અને પરિવારજનોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. તેઓના ઘરમંદિર માટે તૈયાર થયેલ મૂર્તિઓનાં પૂજન-પુષ્પાંજલિ અર્પણ કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ નવેમ્બર, શુક્રવાર...** શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં રૂટિન મૅડિકલ ચૅક-અપ માટે પધાર્યા. ત્યાં સારવાર લઈ રહેલ ભારતીબહેન ગોસ્વામીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી ધૂન-પ્રાર્થના કરી.

સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૨ નવેમ્બર, શનિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'પારમિતા' સભાખંડમાં યોજેલ 'શ્રી યોગીઆજ્ઞા યુવાવર્તન શિબિર'ના પ્રથમ સત્રમાં વિવિધ કેન્દ્રોમાંથી પધારેલા સંતો અને સક્રિય કાર્યકર્તાઓને માર્ગદર્શન-આશીર્વાદ પાઠવ્યાં. સાંજે મંદિરજી પ્રાંગણમાં સંતો, કાર્યકર્તા અક્ષરમુક્તો સાથે ગ્રુપ ફોટા માટે પધારી, સૌને વિશેષ સ્મૃતિ આપી. સાંજે શિબિરના દ્વિતીય સત્રમાં પધારી પ્રાદેશિક સંતોના પ્રતિભાવ સાંભળ્યા અને માર્ગદર્શન-આશીર્વાદ આપ્યાં. 'અક્ષરમહોલ'માં આરતી-દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રે શિબિરના તૃતીય સત્રમાં પધારી 'સ્વામિનારાયણ પ્રકાશ' સામયિકમાં યોગીજી મહારાજના જીવન આધારિત પ્રકાશિત થયેલ લેખનાં વાંચન સાથે અદ્ભુત નિરૂપણ કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ નવેમ્બર, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. શિબિરના ચતુર્થ સત્રમાં પધારી કાર્યકર્તાઓના પ્રતિભાવ સાંભળી માર્ગદર્શન આપ્યાં. જાણીતાં ગાયક જાનકીબહેન મીઠાઈવાલા અને ગ્રુપને દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી જાનકીબહેનના સૂરવૃંદ દ્વારા પ્રસ્તુત કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ નવેમ્બર, સોમવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક ભક્તોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, મંગળવાર...** 'પારમિતા' સભાખંડમાં પધારી અયોધ્યામાં શ્રી રામમંદિરના ધ્વજારોહણનાં લાઇવ પ્રસારણનો લાભ લીધો. ભરતભાઈ કઢીવાલા-અમિષાબહેન તેઓના દીકરાનાં લગ્ન નિમિત્તે કંકોતરી અર્પણ કરવા, દર્શનાર્થે પધાર્યા, તેઓનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધાર્યા. સભામાં વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ નવેમ્બર, બુધવાર...** 'તીરથ'માં અઠવાડિક સંતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ નવેમ્બર, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા. રિચમંડ-અમેરિકાથી પધારેલ શિવમનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ નવેમ્બર, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૯ નવેમ્બર, શનિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતી અર્પણ કરી, શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. આર્મીની E.M.E. કૉલેજના લૅફ્ટનન્ટ જનરલ શ્રી અરવિંદ મહાજનને સત્કાર્યા તેમજ આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ નવેમ્બર, રવિવાર...** 'અક્ષરમહોલ'માં શ્રી અભિજાતભાઈ (ચૅરમૅન, નૅશનલ મૅડિકલ કમિશન), શ્રી અમિતભાઈ (સેક્રેટરી, ચારુતર આરોગ્ય મંડળ), શ્રી જિતેશભાઈ (સુપ્રિન્ટેન્ડન્ટ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ)નાં સ્વાગત અને અભિવાદન કરી આશીર્વાદ પાઠવ્યા. 'શ્રી યોગી આરોગ્ય કેન્દ્ર'માં સ્પાઇન સંબંધી પીડાનાં નિવારણ માટે અમદાવાદના જાણીતા ડૉ. ભરતભાઈ દવે અને તેઓની ડૉક્ટર્સની ટીમે દર્દીઓને તપાસી-નિદાન કરી યોગ્ય સારવાર આપી. સાંજે સભામાં તેઓ સૌનાં સ્વાગત-સન્માન કરી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ◆



નૉરવૉક-LA મંદિરે શ્રી ઠાકોરજીની સેવામાં પધારતા સંતોને આશીર્વાદ